ગાંધીનગર સમાચાર




# શહેરમાં આડેધડ કાર ટોઈંગ સામે આક્રોશ

## આડેધડ ગાડીઓ ટોઈંગ કરતા બિન અનુભવી સ્ટાફે સંખ્યાબંધ ગાડીના બમ્પરો તોડી નાંખ્યા : ગાડી માલીકોની ફરિયાદ પણ કોઈ સાંભળવા તૈયાર નથી

ગાંધીનગર, તા.૧૧

વાયબ્રન્ટ સમિટના પાંચ દિવસ માટે રસ્તા પર પર્ક થયેલી ગાડીઓ-બાઈકો ઉપાડી લેવા માટે તંત્રએ ૬૪ જેટલી ટોઈંગ વાન-ક્રેઈનો ભાડે રાખી છે. આડેધડ ગાડીઓનું ટોઈંગ કરી રહેલા ટોઈંગ વાનના માણસો તદ્દન બિનઅનુભવી હોય તેમ ટો કરી રહ્યા છે. સંખ્યાબંધ કાર ચાલકો ફરિયાદ કરી રહ્યા છે કે આ ટોઈંગવાળાએ તો મારી ગાડીની દશા બગાડી નાંખી..! પરંતુ વાયબ્રન્ટ બંદોબસ્તમાં વ્યસ્ત પોલીસને આમની ફરિયાદ સાંભળવાનો પણ સમય નથી કે જવાબ આપવાનો પણ..! અનેક ગાડીઓ એવી જોવા મળી છે કે ટોઈંગ થઈ ગયા બાદ તે ગાડીના બમ્પર તુટી ગયા છે. હવે પ્રશ્ન એ છે કે આ નુકશાન માટે જવાબદાર પોલીસતંત્ર કે ટોઈંગ ક્રેઈનની એજન્સી...? કદાચ વાયબ્રન્ટ સંપન્ન થાય પછી પોલીસ કાર માલિકોને આ જવાબ આપશે...!

વાયબ્રન્ટ સમિટમાં ટ્રાફીક અવ્યવસ્થા ન સર્જાય તે માટે શહેરના કેટલાક માર્ગો પર નો પાર્કીંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. નગરજનોએ કે વાયબ્રન્ટના મુલાકાતીએ આડેધડ વાહન પાર્ક કરવા ન જ જોઈએ પરંતુ જગ્યા ન મળતા કે ગેરસમજથી કોઈએ વાહન પાર્ક કરી દીધું હોય તો તેના વાહનને તોડી નાંખવું તે પણ ગેરવાજબી બાબત છે. શહેરના માર્ગો પર ૬૪ જેટલી ટોઈંગ વાન-ક્રેઈન ફરી રહી છે. આડેધડ વાહનો ટોઈંગ કરીને લઈ જતા ટોઈંગ સ્ટાફથી વાહનોને મોટું નુકશાન કરવામાં આવી રહ્યું હોવાની અનેક ફરિયાદો મળવા પામી છે. બિનઅનુભવી સ્ટાફ દ્વારા ટોઈંગ કરાવાઈ રહ્યું હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે. ગાડીઓને ટોઈંગ કરતી વખતે તકેદારી રાખવામાં ન આવતી હોવાથી કિંમતી બમ્પરો તુટી ગયા હોવાની અઢળક ફરિયાદો છે પરંતુ તેને સાંભળવા કોઈની પાસે સમય નથી. કાર માલીકો રોષે ભરાયા છે કે આ નુકશાની કોણ આપશે? પોલીસ કે ટોઈંગવાળા? તેનો જવાબ અને નુકશાનનું વળતર વાયબ્રન્ટ પછી તંત્ર દ્વારા નક્કી કરીને અપાય તેવી માંગ કાર ચાલકોએ વ્યકત કરી છે.



### ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૩-એ પ્લોટ નં. ૧૧૭/૨ ખાતે વસવાટ કરતા હિમાંશુ પંડયાના પિતા સ્વ. દશરથલાલ અંબાલાલ પંડયાનું તાજેતરમાં દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદગતના કુટુંબીજન હિમાંશુભાઈની સર્વ સમંતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ કાર્યમાં તબીબી સેવા ડો. નીરવે પુરી પાડી હતી. જુસીકાના કાર્યકર ગણપતભાઈ અને દિનેશભાઈ દવેએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડી હતી. અમદાવાદ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય ગણપતભાઈએ કર્યું હતું.

# હોસ્પિટલના અધિકારી-કર્મચારીઓનો પગાર હજુ સુધી થયો નથી..!

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓનો પગાર હજુ સુધી થયો નથી. વાયબ્રન્ટમાં સરકાર જીએમઈઆરએસને ગ્રાન્ટ આપવાનું ભુલી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. વર્ગ-૨ થી ૪ ના કર્મચારીઓ સમયસર પગાર ન થતા મુસીબતમાં મુકાઈ ગયા છે. જયારે હોસ્પિટલમાં ઉછીના રૂપીયા માંગીને ઘર ચલાવાનો વારો અધિકારી-કર્મચારીઓનો આવ્યો છે. ત્યારે હોસ્પિટલમાં ફરજ બજાવતા ૪૦૦ થી વધુ કર્મચારીઓ પગારને લઈ હેરાન પરેશાન થઈ ગયા છે ત્યારે પગાર સમયસર ન કરવામાં તંત્ર દ્વારા અન્ય રાજકારણ પણ રમાઈ રહ્યું હોવાનું સંકુલમાં ચર્ચાઈ રહ્યું છે. જયારે ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સંચાલિત સાતેય મેડીકલ કોલેજની અંદાજીત મહિનાની રૂ.૩૦ કરોડની ગ્રાન્ટ સરકારમાંથી આવે છે. પરંતુ આ ગ્રાન્ટ અત્યારે હાલ આવી ન હોવાથી સાતેય મેડીકલ કોલેજના ૪૦૦૦ થી વધુ અધિકારી-કર્મચારીઓ પગાર વિહોણા બનવા પામ્યા છે. ત્યારે ટુંક સમયમાં ગ્રાન્ટ આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

આ અંગે જીએમઈઆરએસના સીઈઓ ડો.જે.જી. બુચના જણાવ્યા અનુસાર સરકારમાંથી સાતેય મેડીકલ કોલજની અંદાજીત રૂ.૩૦ કરોડની ગ્રાન્ટ આવે છે. જેમાંથી સાતેય કોલજના અધિકારી-કર્મચારીઓના પગાર તેમજ કોલેજનો ખર્ચે કરવામાં આવે છે. પરંતુ સરકાર દ્વારા વર્ષના પ્રારંભિક તબક્કામાં ત્રણ માસની ગ્રાન્ટ એક સાથે આપે છે. ત્યારબાદ એક એક માસની આપે છે. જેને લીધે અત્યારે હાલ ગ્રાન્ટ સરકાર કક્ષાએથી ન આવતા કર્મચારીઓ પગારથી વંચિત રહ્યા છે. જીએમઈઆરએસ તરફથી ગ્રાન્ટ માટે પત્ર લખી રજુઆત કરી છે. ત્યારે વાયબ્રન્ટ પછી તંત્ર કક્ષાએથી ગ્રાન્ટ મળે તેવી શકયતાઓ સેવાઈ રહી છે ત્યારબાદ જ કર્મચારીઓને પગાર મળે તેવી શકયતાઓ છે.

# ગાંધીનગરથી ગાડીઓ ભરીને પાટીદારો હાર્દિકના સ્વાગત માટે રતનપુર જશે

## ૧૭ જાન્યુઆરીએ રતનપુર બોર્ડર ખાતે રાજયભરમાંથી હજારોની સંખ્યામાં પાટીદારો સ્વાગત માટે પહોંચશે : પુર્વ વડાપ્રધાન દેવગૌડા પણ સ્વાગત માટે જાય તેવી શકયતા

ગાંધીનગર, તા.૧૧

હાર્દિક પટેલ ૧૭ જાન્યુઆરીથી ગુજરાતમાં પ્રવેશ કરી શકશે. ૧૭મીએ રતનપુર બોર્ડરથી ગુજરાતમાં પ્રવેશ કરનાર હાર્દિક પટેલના સ્વાગત માટેની પાસ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગરમાં પણ પાટીદારોની બેઠક થઈ ગઈ અને ગાડીઓ ભરી ભરીને હાર્દિકના સ્વાગત માટે પાટીદારો રતનપુર જનાર છે. ગાંધીનગર શહેરમાંથી ૧૦૦થી વધુ અને જિલ્લામાંથી ૫૦૦થી વધુ ગાડીઓ ભરીને પાટીદારો સ્વાગત માટે જશે તેવી શકયતા છે.

પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)નાં કોર કમિટીના સભ્ય દિનેશ લાંભણીયાના જણાવ્યાનુસાર રાજયભરમાંથી હજારોની સંખ્યામાં પાટીદારો હાર્દિક પટેલના સ્વાગત માટે રતનપુર બોર્ડર જનાર છે. દેશના પુર્વ વડાપ્રધાન અને કુર્મી આગેવાન દેવેગૌડા, જાટ અનામતના નેતા યશપાલ મલિક, હરિયાણાના અભય ચોટાલા સહિતના આગેવાનો પણ હાર્દિક પટેલના સ્વાગતમાં જોડાશે તેવી શકયતા દિનેશ બાંભણીયાએ વ્યકત કરી છે. ૩૦ થી ૪૦ હજાર પાટીદારો સ્વાગતમાં અને બે લાખ જેટલા પાટીદારો હિંમતનગર ખાતે યોજાનાર હુંકાર સભામાં જોડાશે તેવું પાસ કોર કમીટીના સભ્યએ ઉમેર્યુ છે.

## સમસ્ત જણસારી સમાજ વિકાસ પરિષદની બુકલેટ રૂ. ૧૦૦માં ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા.૧૧

સમસ્ત જણસારી સમાજ વિકાસ પરિષદ દ્વારા વવિધ પ્રકારની સામાજીક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં જણસારી સમાજ સાહિત્ય, સિધ્ધીઓ, વ્યસનમુકિત, જીવનસાથી પસંદગી મેળો, ચોપડા વિતરણ, સન્માન-બહુમાન જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ આગામી વર્ષમાં કરવામાં આવશે ત્યારે તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી જણસારી સમાજના જીવનસાથી પસંદગી મેળાની બુકલેટ રૂ. ૨૫૦માં સરળતાથી પ્રાપ્ત થશે. જયારે હવે પછીની બુકલેટ માટે રજીસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦ રાખવામાં આવી છે. બુકલેટમાં રૂ. ૨૫૦થી ૫૦૦૦ સુધીની શુભેચ્છા જાહેરાત સ્વીકાર્ય છે. આગામી બુકલેટમાં નામ નોંધાવવા ઈચ્છુક સમાજના ભાઈ-બહેનોએ ઉષાબેન ચૌહાણના બેંક ઓફ બરોડા ગેજીયા શાખા ગાંધીનગરના ખાતા નં. ૪૦૭૭૦૧૦૦૦૦૩૭૩૯માંજમા કરાવી ઝેરોક્ષ સંસ્થાના કન્વીનરને મોકલવા અનુરોધ કરવામાં આવ્યો છે.



કેરી એ સૌથી લોકપ્રિય ફળ છે. જેનું આગમન ઉનાળામાં થાય છે. કહેવાય છે કે ભગવાન બુધ્ધે આંબાના ઝાડ નીચે ધ્યાન ધર્યું હતું. એક કપ કેરીમાંથી ૧૦૦ કેલેરી મળે છે. આપણને રોજની જરૂરીયાતનું ૧૦૦ ટકા વિટામીન સી, ૩૫ ટકા વિમાટીમ એ અને ૧૨ ટકા ફાઈબર કેરીમાંથી મળે છે. કાચી કેરીનો સ્વાદ તમે મીઠું, મરચું તેમજ તેનો જયુસ પીને લઈ શકો છો. જયારે પાકી કેરીનો રસ એને તો કેમ ભુલાય. બસ તો હવે થોડાક જ મહિનાઓમાં કેરી આવશે તેનો પુરાવો આ તસવીરમાં દેખાતા કેરીના મોર છે.

## ગાંધીનગર બસપા દ્વારા માયાવતીના ૬૧મા જન્મદિનની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા બહુજન સમાજ પાર્ટી સમિતિ દ્વારા ૧૫મી જાન્યુઆરી માયાવતીના ૬૧મા જન્મદિનની ઉજવણી અને સરગાસણ ચોકડી ખાતે નવીન કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવશે.

૧૫મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ બહુજન સમાજ પાર્ટીના સુપ્રિમો માયાવતીના ૬૧મા જન્મદિવસની કાર્યકરો દ્વારા ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત આ પ્રસંગે સરગાસણ ચોકડી પાસે ૩૬, અશ્વમેઘ કોમ્પ્લેક્ષ ખાતે જિલ્લાના નવીન કાર્યાલયનું ઉદઘાટન સવારે ૧૦ કલાકે કરવામાં આવશે. ઉદઘાટન સમારંભમાં ઉદઘાટક તરીકે ગુજરાત પ્રભારી શ્રીકાતજી તથા અતિથિ પદે ગુજરાત પ્રદેશના પૂર્વ પ્રભારી ભગુભાઈ પરમાર હાજર રહેશે તેમ જિલ્લા પ્રમુખ ચિરાગભાઈ પરીખે જણાવ્યું હતું.

## પાંચ વર્ષ સુધીના બાળકને તા. ૧૩ના રોજ સુવર્ણપ્રાશન ટીપાં પીવડાવાશે

સામાન્ય રીતે બાળકના શરીરમાં જયાં સુધી વૃધ્ધિની સૌથી વધારે પ્રક્રિયા ચાલતી હોય ત્યાં તેને સૌથી વધારે પોષણની જરૂર પડે છે. આ ગાળો એ સમગ્ર જીવનના પાયા સમાન છે આથી જો પાંચ વર્ષ સુધી બાળકને દર પુષ્ય નક્ષત્રમાં સુવર્ણપ્રાશન કરવામાં આવે તો બાળકના બળ, બુધ્ધિ અને મેધામાં વધારો થાય છે તથા શારીરિક અને માનસિક વિકાસ ઝડપી બને છે. બાળકની રોગ પ્રતિકારક શકિત વધે છે.

આ માટે જિલ્લાના દવાખાનાઓમાં જાન્યુઆરી માસ દરમિયાન તા. ૧૩-૧-૨૦૧૭ના રોજ સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૬ સુધીમાં બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં પીવડાવવામાં આવશે.

# સ્માર્ટ સિટી, સ્કીલ ડેવલપમેન્ટ, ઉત્પાદન ક્ષેત્રમાં રોકાણ માટે ગુજરાત શ્રેષ્ઠ

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે આજે વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ના દ્વિતીય દિવસે વિવિધ દેશોના ૧૫ જેટલા મહાનુભાવોએ મેરેથોન વન-ટુ-વન બેઠકોનો ઉપક્રમ પ્રયોજ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ઉભરતા જતા ક્ષેત્રોમાં રોકાણની વિશાળ તકોથી તેમને અવગત કરાવ્યા હતાં. બહુ જ સકારાત્મક માહોલમાં આ બેઠક યોજાઈ હતી. વિવિધ કંપનીના સીઈઓએ ગુજરાતમાં પોતાના ઉદ્યોગનું વિસ્તરણ અને નવા રોકાણો માટે ઉત્સુકતા દર્શાવી હતી.

યુએસ કોન્સેલ જનરલની આગેવાની હેઠળ એમચેમ બિઝનેશ ડેલીગેશન સાથે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ બેઠક યોજી હતી જેમાં ૨૪ પ્રતિનિધિઓ સાથે તેમની બિઝનેશને સાનુકૂળ તકો અંગે ચર્ચા કરી હતી. તેને અનુરૂપ ગુજરાત સરકારની પોલિસી તથા ઈન્ફ્રાસ્ટ્રકચરની માહિતી વરિષ્ઠ અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવી હતી.

યુએસઆઈબીસીના પ્રતિનિધિ મંડળે શ્રી જોન ચેમ્બરના નેતૃત્વમાં ૩૬ ઔદ્યોગિક સમુહના અધિકારીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ વન-ટુ-વન બેઠક યોજી હતી.

કેનેડા સરકારના મંત્રીશ્રી અમરજિત સોહી તથા કેનેડાની કંપનીના અધિકારીઓએ મુખ્યમંત્રીશ્રી સાથે ફળદાયી બેઠકમાં પરસ્પર રોકાણની તકો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.



જાપાનના રાજદૂત શ્રી કેન્ઝી હિરામાત્સુ તથા ૨૬ કંપની પ્રતિનિધીઓ સાથે શ્રી રૂપાણીએ મુલાકાત કરી હતી. જાપાનની કંપનીઓને ઈલેકટ્રોનિક ચીજવસ્તુઓના ઉત્પાદન ક્ષેત્રમાં રોકાણ માટે ગુજરાતમાં સાનુકૂળ તકો અને પ્રોત્સાહક નીતિઓની વિગતો શ્રી વિજયભાઈએ આપી હતી.

ગ્લોબલ સીઈઓ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ સ્માર્ટ સિટી, સ્કીલ ડેવલપમેન્ટ, લઘુ અને મધ્યમ કક્ષાના ઔદ્યોગિક રોકાણો આકર્ષી વધુ રોજગારીનું સર્જન કરવાની રાજય સરકારની પ્રતિબધ્ધતા હોવાનું કહ્યું હતું.

આ બેઠકોમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી કે. કૈલાસનાથન, અગ્ર સચિવશ્રી એસ. અપર્ણા, ઉદ્યોગના અધિક મુખ્યસિચવ શ્રી પી. કે. તનેજા, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અશ્વિની કુમાર, સચિવશ્રી ધનંજય દ્વિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

## ચિલોડા સેવા સહકારી મંડળી લી.ના ચેરમેન તથા વા. ચેરમેનની વરણી

ચિલોડા, તા.૧૧

ગાંધીનગર તાલુકાની ચિલોડા સેવા સહકારી મંડળી લી.ની તાજેતરમાં ચેરમેન જૈમિન પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. આ બેઠકમાં ચેરમેનપદે જૈમીન જે. પટેલ તથા વાઈસ ચેરમેન પદે ઠાકોર ઉમેદજી આતાજીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ બેઠકમાં મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં સભ્ય તરીકે પટેલ જયંતિભાઈ ગોરધનદાસ, પટેલ ધનજીભાઈ રેવરદાસ, પટેલ શકરાભાઈ ફકીરભાઈ, પટેલ વિનોદચંદ્ર બાબુભાઈ, પટેલ જયંતિભાઈ હરગોવિંદદાસ, પટેલ અંબાલાલ રામદાસ, પટેલ અજીતભાઈ કેશવલાલ, ઠાકોર ડાહ્યાજી બબાજી, પટેલ કૈલાશબેન રમણભાઈ-મહિલા કમિટી સભ્ય, પટેલ વીણાબેન જગદીશભાઈ-મહિલા કમિટી સભ્ય, સોલંકી જયંતિભાઈ ભનાભાઈ-અનુસુચિત જાતિ કમિટી સભ્ય સહિતની વરણી કરવામાં આવી હતી.

### દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના અગ્રણી વેપારી અમરતભાઈ બેચરભાઈ પટેલ (જગદીશ સ્ટીલ સ્ટોર્સ)ના માતૃશ્રી સ્વ. કમુબેન બહેચરભાઈ પટેલ (રાંધેજાવાળા)નું દુઃખદ અવસાન તા.૧૦.૧.૧૭ના રોજ થયેલ છે. સદગતના અચાનક અવસાનથી પરિવાર ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયો છે. સ્વ.કમુબેન પોતાના પાછળ ચાર દિકરાઓને વિલાપ કરતા મુકીને અનંતની વાટ પકડી લીધી છે. માતાની અચાનક વસમી વિદાયથી ચારેય દિકરાઓ પર આફતનું આભ તુટી પડ્યું છે. તેમના મિત્રો તેમજ સ્વજનો સતત તેમને સાંત્વના આપી રહ્યા છે. સ્વર્ગસ્થ તેઓના માયાળુ સ્વભાવથી અને સેવાના ગુણ થકી સૌ પરિવારજનો અને ગ્રામજનોમાં પણ આગવી ઓળખ ઉભી કરી હતી. ગામ તેમજ શહેરની મહિલાઓ માટે તેઓ પ્રેરણામૂર્તિ હતા. સદગતનું બેસણું તા.૧૩ જાન્યુઆરીને શુક્રવારના રોજ સવારે ૮ કલાકે જાગેશ્વર મહાદેવ હોલ, રાંધેજા ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે. તેમજ પિયરપક્ષનું બેસણુ પણ ઉપરોકત સ્થળ અને સમયે રાખવામાં આવેલ છે.

# શહેરમાં શાકભાજીના ભાવ ગગડતા ઊંધીયુ સસ્તુ



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવ ગગડયા છે. દરેક શાકભાજી માત્ર રૂ.૧૦થી ૩૦ કિલોના ભાવે વેચાય છે ત્યારે ઉતરાયણ પર્વમાં ઊંધીયાની વિશેષ માંગ નગરજનોમાં રહેતી હોય છે. હજ્જારો કિલો ઊંધીયું ચટુકડા નગરજનો આરોગી જાય છે. ત્યારે આ વર્ષે સ્વાદિષ્ટ અને ચટાકેદાર ઊંધીયું નગરજનોને સસ્તુ મળશે. શહેરના વેપારીઓ દ્વારા દર વર્ષની સરખામણીમાં ઊંધીયામાં ૨૦ ટકાનો ઘટાડો કરાયો છે ત્યારે રૂ.૨૪૦ ના ભાવે વેચાતુ ઊંધીયું માત્ર ઉતરાયણ પર્વમાં રૂ.૨૦૦ ના ભાવે વેચાશે.

ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વમાં ઊંધીયા-જલેબીની જબરદસ્ત માંગ રહેતી હોય છે. સ્વાદના શોખીન નગરજનો ગમે તે ભાવ હોય પણ ઉતરાયણ પર્વમાં ઊંધીયું આરોગવાનું ભુલતા નથી. શહેરમાં મકરસંક્રાતિના દિવસે ૧૦૦ થી વધુ વિવિધ સ્થળો પર આવેલા સ્ટોલ પર ઊંધીયાનું વેચાણ થતુ હોય છે. નાગરીકો એક દિવસમાં કરોડો રૂપીયાનું ઊંધીયુ ઝાપટી જાય છે. ઉતરાયણના દિવસે ઊંધીયુ-જલેબી ખરીદવા માટે લાંબી લાઈનો લાગે છે. ત્યારે મોંઘવારીએ માઝા મુકતા સ્વાદિષ્ટ અને ચટાકેદાર ઊંધીયાના ભાવમાં ગત વર્ષે વધારો થતા કેટલાક નાગરીકોને ઊંધીયું કડવુ પણ લાગ્યું હતું. ત્યારે આ વર્ષે શાકભાજીના ભાવ છેલ્લા ઘણા સમયથી નહિવત રહેવા પામ્યા છે. માત્ર રૂ.૧૦ થી ૩૦ ના ભાવે ઊંધીયામાં ઉપયોગી શાકભાજી સરળતાથી મળી રહે છે. ઊંધીયાના ભાવને અનુલક્ષીને શહેરમાં મિત્રો તેમજ સોસાયટીના રહીશો પણ એકત્ર થઈને ખાસ ઊંધીયું ઉતરાયણના દિવેસ બનાવે છે. ત્યારે આ વર્ષે શાકભાજીના ભાવ ઘટતા વેપારીઓએ પણ ભાવમાં ૨૦ ટકાનો ઘટાડો કર્યો છે. સિંગતેલમાં તૈયાર કરેલું સ્વાદિષ્ટ અને ચટાકેદાર ઊંધીયુ આ વર્ષે માત્ર ૨૦૦ રૂપીયે કિલો મળશે. જેથી ઉતરાયણ પર્વમાં ઊંધીયામાં ભાવ ઘટાડાને પગલે વેચાણમાં પણ વધારો થાય તેવી સંભાવના વેપારીઓ વ્યકત કરી રહ્યા છે.

### અવસાન નોંધ

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના અગ્રણી કાર્યકર્તા જીતેન્દ્ર લાલભાઈ ભાવસારના માતા સ્વ. શાંતાબેન લાલભાઈ ભાવસારનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૨-૧-૧૭ને ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન મહાલક્ષ્મી વાડી (કંસારાફળી) ખાતે રાખવામાં આવેલ છે.

### ચિરવિદાય

- સ્વ. તખાજી ગોપાળજી ચાવડા, ઉ.વ. ૬૫
- સ્વ. દશરથલાલ અંબાલાલ પંડયા, ઉ.વ. ૮૬
- સ્વ. કાન્તાબેન સીતારામ ત્રિવેદી, ઉ.વ. ૮૧
- સ્વ. કુલીબેન ચંદુજી ઠાકોર, ઉ.વ. ૮૫